# ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)

11, અશોક રોડ, નવી દિલ્હી 01

# શ્રીમતી મીનાક્ષી લેખી દ્વારા જારી પ્રેસ નિવેદન

# આપ પક્ષના પાપ

1. આપ પક્ષે કોંગ્રેસની ગંદી યુક્તિઓના વિભાગ દ્વારા ભાડે કરાયેલી ટીમનો હિસ્સો બનવાનો પ્રયત્ન કર્યો. ગુજરાતમાં કેજરીવાલ મામુલી મુદ્દાને શા માટે રાષ્ટ્રીય સુરક્ષાનો મામલો ગણાવીને ચગાવી રહ્યા છે? કોંગ્રેસ છેતરપિંડી માટે દરેક સમયે પોતાના કૌભાંડોનો ઢાંરપિછોડો કરવા જનતાનું ધ્યાન ગેરમાર્ગે દોરે છે. આપ પક્ષ ભાજપ અથવા મોદી માટે જોખમ નથી. તેઓ અસરકારક પરિણામ લાવી શકે એવો રાષ્ટ્રીય પક્ષ પણ નથી. તેમના ભંડોળનો સ્ત્રોત સહિતની તમામ બાબતો ગુપ્ત છે . તેના કોર સભ્યો શ્રીમતી સોનિયા ગાંધીના વધારાની બંધારણીય એનજીઓ એનએસીમાં કાર્યરત છે. તેમના કાનૂનવિદ જાણીતા અલગતાવાદી છે અને ઘણા સભ્યો રાષ્ટ્ર-વિરોધી ચળવળમાં રચ્યાપચ્યા મળી આવ્યા છે. આપ પક્ષના આવા પાપ છે. કોંગ્રેસ પક્ષની દરેક રેલીમાં જનતાની ઓછી હાજરીને છુપાવવા માટે આપ પક્ષનો મુદ્દો ઊઠાવવાનો ભયાવહ પ્રયાસ થઈ રહ્યો છે. આગામી મહિનાઓમાં કોંગ્રેસના આંકડા ઘટી જવાના અણસાર સાંપડી રહ્યા છે.
2. શ્રી લાલકૃષ્ણ અડવાણી વર્ષ 2004માં નાયબ વડા પ્રધાન હતા, ત્યારે એક પટણાના નાયબ મેજિસ્ટ્રેટે તેમને અટકાવ્યા હતા. તે વખતે તેમણે જણાવ્યું હતું કે: "હું 10 કલાકે મારા ભાષણને બંધ કરી દઈશ. આચારસંહિતાનું પાલન કરાશે. અગાઉ

ઓક્ટોબરમાં પટણામાં બોમ્બ વિસ્ફોટો થયા હતા, જેમાં 5 વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા હતા, જેથી ભાજપ જોખમ વહોરવા માગતું ન હતું. ભાજપે કાયદાનું પાલન કર્યું અને કોઈ પ્રતિક્રિયા વ્યક્ત કરી ન હતી. આપ પક્ષ આજે નાટક કરે છે. તેઓ અરાજકતાવાદી લોકો છે. આચારસંહિતા અમલમાં છે, કેજરીવાલ તેનો આદર કરવો જોઈએ. કેજરીવાલને રોકવા ચૂંટણીપંચે જ આદેશ આપ્યો હતો. શું આપણે આપણા દેશને લિબિયા કે સીરિયા જેવો બનાવવા ઈચ્છીએ છીએ ખરા ?

3. ચૂંટણીપંચે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી દીધી છે જેના પછી તુરંત જ આચારસંહિતાના અમલમાં આવે છે. પોલીસ અને જિલ્લા વહીવટીતંત્ર રાજકીય અને ચૂંટણીલક્ષી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા તમામ મુદ્દાઓ પર ચૂંટણી પંચને જવાબદાર બની જાય છે. અરવિંદ કેજરીવાલની કોઈ અટકાયત કે ધરપકડ થઈ જ ન હતી. તેમની સામે કોઈ પણ સંજોગોમાં કેસ પણ નોંધવામાં આવ્યો ન હતો. તેમને રોડ શો બંધ કરી દેવા સમજાવવામાં આવ્યા હતા. શા માટે પોલીસે કાયદા અનુસાર તેમની ફરજનું પાલન ન કરવું જોઈએ ? તે પણ એક ભૂતપૂર્વ આઈઆરએસ અધિકારી માટે. હકીકતમાં, ચૂંટણી પંચ મહેસૂલ સેવાઓ સહિત તમામ વહીવટી શાખાઓના અધિકારીઓને ચૂંટણી કાર્યમાં સાંકળે છે. જેથી તેઓ આચારસંહિતાથી સુપરિચિત હોય છે. તે વિભાગમાં ક્યારેય કામ ન કર્યું હોય તેઓ પણ આચારસંહિતાને જાણે છે. તો પછી શું કોંગ્રેસ પક્ષ દ્વારા પ્રાયોજિત આપ પક્ષનો કાર્યક્રમ સસ્તા પ્રચાર માટે કરવામાં આવ્યો હતો ?

4. અરવિંદ કેજરીવાલને એક "અરાજકતાવાદી" અને એક કથિત સીઆઈએ એજન્ટે ઑગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડ પ્રત્યેથી સામાન્ય જનતાનું ધ્યાન અન્યત્ર વાળવાનું સૂચવ્યું હોવાનું કહેવાય છે. તે કૌભાંડમાં રૂ. 3600 કરોડની યોજના અંતર્ગત 12 વીવીઆઈપી હેલિકોપ્ટર ખરીદી માટે ઑગસ્ટા વેસ્ટલેન્ડ સાથે સોદો થયો હતો,

જેની સીબીઆઇ તપાસ કરે છે. તેમાં કોંગ્રેસના વડાની ભૂમિકા તરફ વચેટિયાએ અંગુલિનિર્દેશ કર્યો હતો.

5. શું અશ્વિની કુમાર ઉપાધ્યાયે પ્રેસ ક્લબ ખાતે આપ પક્ષના પાપનો કરેલો પર્દાફાશ ઢાંકવા ગુજરાતમાં આપ પક્ષે નાટક કર્યું ? તેમનો રિપોર્ટ 11 વાગ્યે જાહેર કરવામાં આવ્યો હતો. તે પત્રકાર પરિષદ 2 વાગ્યે યોજાઈ હતી. ભિન્ન મત ધરાવનાર અશ્વિની કુમાર ઉપાધ્યાયે આપના પાપ વિશેની વિગતો રજૂ કરી હતી. અશ્વિની કુમાર ઉપાધ્યાય આપ પક્ષની નેશનલ કાઉન્સિલના સભ્ય હતા. તેમને શંકા છે કે આપ પક્ષનું નેતૃત્વ સેન્ટ્રલ ઇન્ટેલિજન્સ એજન્સી સીઆઇએ (CIA) સાથે જોડાણ ધરાવે છે. આપ પક્ષની નેશનલ કાઉન્સિલના 300 સભ્યોમાંથી આશરે 50 સભ્યોએ રાજીનામું આપ્યું છે. ઉપાધ્યાયના રિપોર્ટનું શિર્ષક છેઃ 'સીઆઇએ, આઇએસઆઇ, ફોર્ડ ફાઉન્ડેશન અને વિદેશી ભંડોળ મેળવતી ભારતીય એનજીઓ.'

6. ઘણા ભારતીય એનજીઓ અને વ્યક્તિઓને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અમેરિકાની સીઆઇએ, પાકિસ્તાનની આઇએસઆઇ, અમેરિકા સ્થિત એનજીઓ ફોર્ડ ફાઉન્ડેશન, આવાઝ અને અન્ય ઘણા વિદેશી દેશો દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે. ફોર્ડ ફાઉન્ડેશનનું ભંડોળ એવા ભારતીય એનજીઓ અને વ્યક્તિઓને મળે છે, જેઓ માઓવાદી-તરફી, નક્સલવાદ-તરફી કે આતંકવાદ-તરફી છે અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે દેશદ્રોહી પ્રવૃત્તિઓમાં સામેલ છે. ફોર્ડ ફાઉન્ડેશન તે ભંડોળ પૂરું પાડવામાં વિદેશી એનજીઓ લોકો અને વ્યક્તિઓ જાતિ, સંપ્રદાય, ધર્મ અને સમાજના મુદ્દાઓને ધ્યાનમાં લે છે. ફોર્ડ ફાઉન્ડેશન ભંડોળ પૂરું પાડવામાં વિદેશી એનજીઓ અને વ્યક્તિઓ અમેરિકન સીઆઇએ અને પાકિસ્તાનની આઇએસઆઇના મુખ્ય ષડયંત્રના એક ભાગ તરીકે સંસદ અને વિધાનસભાની ચૂંટણી લડી રહ્યા છે. ફોર્ડ ફાઉન્ડેશન ઈન્ડિયા પ્રતિનિધિઓની પૂછપરછ દ્વારા તે બહાર આવશે.

7. આપ પક્ષ આંતરિક રીતે લોકપાલ એડમિરલ (નિવૃત્ત) લક્ષ્મીનારાયણ રામદાસ અને તેમનું કુટુંબ ફોર્ડ ફાઉન્ડેશન સાથે જોડાણ ધરાવે છે. કવિતા એન રામદાસ, એડમિરલ રામદાસના સૌથી મોટા પુત્રી છે, જેઓ દક્ષિણ એશિયામાં ફોર્ડ ફાઉન્ડેશન વડા છે. એડમિરલ રામદાસ પત્ની લીલા રામદાસ સમિતિની મુખ્ય પાંચ વિશાખા માર્ગદર્શિકા હેઠળ તે રચાયેલું છે. રામદાસે રોમન મેગ્સેસે એવોર્ડ મેળવ્યો હતો. તે કુટુંબ અરવિંદ કેજરીવાલ આ એવોર્ડ પ્રાપ્ત કરવા કામ કરતી લોબીનો એક ભાગ છે.

8. અમે રાજકીય પક્ષની વિચારધારા વિરૂદ્ધ નથી. તેઓની રાષ્ટ્ર-વિરોધી કાર્યસૂચિ સામે અમારો વિરોધ છે. લોકોને અભિપ્રાય વ્યક્ત કરવાનો અધિકાર હોય છે. પરંતુ તેઓનો અભિપ્રાય કયા પ્રકારની ઈંટો દ્વારા બનાવવામાં આવે છે તે પણ જોવું જ રહ્યું. તેઓની વિચારધારા એક બનાવટ છે. આપ માટે દાન કર્યું તે લોકોએ કાશ્મીર મામલે રાષ્ટ્ર-વિરોધી અભિપ્રાય બતાવવા સિવાય નક્કર કંઈ કર્યું નથી.

(અરુણ કુમાર જૈન)

કાર્યાલય મંત્રી